
CITY pulse
email: citypulse@gujaratmitra.in
ગુજરાતમિત્ર
શુક્રવાર ૧૮ ઓક્ટોબર, ૨૦૨૪ 



# મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં શોષ ખાડા અને ખાળ કૂવાની ક્રાંતિ ફેલાવતું



# સ્વાધ્યાય પરિવાર

**‘દાદાજી’ ની પ્રેરણાથી ચાલતા વૈશ્વિક સ્વાધ્યાય કાર્યમાં ‘ભક્તિ’ ફક્ત વ્યક્તિગત ઉપાસના કે સાધનાનો વિષય ન રહેતા સામાજિક શક્તિનું વિશ્વરૂપ ધારણ કર્યું છે**

વિશ્વ વિખ્યાત Activist philosopher પરમ પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રી આઠવલે એટલે કે ‘દાદાજી’ ની પ્રેરણાથી ચાલતા વૈશ્વિક સ્વાધ્યાય કાર્યમાં ‘ભક્તિ’ ફક્ત વ્યક્તિગત ઉપાસના કે સાધનાનો વિષય ન રહેતા સામાજિક શક્તિનું વિશ્વરૂપ ધારણ કરેલ છે. ભક્તિની બેઠક ઉપર કેટ-કેટલા પ્રયોગો ‘દાદાજી’ની પ્રેરણાથી અને ‘દાદાજી’ના વિલક્ષણ સુપુત્રી જયશ્રી તલવલકર એટલે કે પૂજનીય ‘દીદીજી’ ના માર્ગદર્શનથી ચાલતા રહેલા છે, એ પછી ખેડૂત પોતાની કર્મકુશળતા ધરી યોગેશ્વરકૃષિમાં પૂજારી બને કે, સાગરપુત્રો પોતાનો બાપનો ધંધો છે તેમ કહી પોતાની કર્મકુશળતા મત્સ્યગંધામાં ધરે, ઘર મંદિરના પ્રયોગથી ભગવાન મારા ઘરે પધારી રહ્યા છે તો મારાથી વ્યસન કેમ થાય, મારું ઘર સ્વચ્છ જ હોવું જોઈએ તેવી વનવાસીઓમાં પાક્કી સમજણ વિકસિત થાય અને ગામમાં સકારાત્મક વ્યક્તિ અને સમાજ પરિવર્તન જોવા મળે, કે પતંજલિ ચિકિત્સાલયના પ્રયોગ દ્વારા ડોક્ટરો વનવાસી વિસ્તારમાં ૨૪ કલાક ભક્તિની બેઠક પર રોકાઈ ત્યાંના દર્દીઓની સુશ્રુષા કરે. દાદાજીનો અને દાદાજીના વૈશ્વિક પરિવારનો સિદ્ધાંત છે કે ‘ભક્તિ એક સામાજિક શક્તિ છે’. સમાજમાં સૌ પરસ્પર દૈવી ભ્રાતૃભાવથી જોડાયેલાં હોય તો દૂર નો અંતરિયાળ ગામમાં ભાઈ રહેતો મારો દૈવી ભાઈ પણ મૂળભૂત વાતો/સુવિધાઓથી વંચિત કેમ રહી જાય?



## આ રીતે થઈ સ્વચ્છતાની પહેલ

છેલ્લા ૧૫ વર્ષની જ વાત કરીએ તો મધ્ય અને દક્ષિણ ગુજરાત નાજ લગભગ ૫૦૦થી વધુ ગામોને ૧૨,૦૦૦થી વધુ ચોકડી અને શોષખાડાનો પ્રસાદ મળ્યો છે. તેવીજ રીતે ૩૦૦થી વધુ ગામોને ૬૦૦૦થી વધુ ટોયલેટ બ્લોક અને ખાળ-કુવાનો પ્રસાદ મળ્યો છે. અનેક સ્વાધ્યાય ગામોમાં ગામની વહુ-દીકરીઓ માટેની કાળજીના ભાગ રૂપે પૂજનીય દીદીજીએ “મહિલા પ્રસાધન કક્ષ” (women toilet block) અને સૈંકડો ગામોમાં રહેવા માટેના આવાસ પ્રસાદ સ્વરૂપે આપ્યા છે. આ સંપૂર્ણ પ્રક્રિયામાં ૧૦૦૦થી પણ વધુ એન્જિનિયર્સ, ટેક્નિશિયન ડિઝાઇનિંગ ટીમ, સુપરવાઇઝર, ડોક્ટર્સ, શ્રમિક અને વિવિધ તજજ્ઞોએ પોતાની કર્મ-કુશળતા ધરી છે તથા જે તે ગામના સ્વાધ્યાય કુટુંબોએ શ્રમ-ભક્તિ કરી પોતાની કર્મકુશળતા ભગવાનના ચરણે ધરી. ટેકનીકલ ટીમે ટોયલેટ બ્લોક અને શોષખાડા બનાવવાની સાથે-સાથે તેની અનિવાર્યતા અને ઉપયોગીતા સમજાવી તેમને તેનો નિયમિત ઉપયોગ કરવા પ્રેરિત કર્યા અને આજે આ પરિવારો તેનો નિયમિત ઉપયોગ કરતાં થયા છે. પરિણામ એ આવ્યુંકે આ સ્વાધ્યાયી ગામોમાં થતાં રોગોમાં નોંધપત્ર ઘટાડો થયો છે એન પાણી ભરાવા ને લીધે થતી ગંદકી પણ અટકી છે. પાણીનો વ્યય તો અટક્યોજ અને ગામમાં સ્વચ્છતા પણ આવી. આજે જ્યારે ભક્તિ શબ્દ મર્યાદિત અર્થમાં સમજવામાં આવે છે ત્યારે દાદાજીએ ભક્તિની વ્યાપક સમજણ આપી છેવાડાના માણસને જીવન મૂલ્યની સાથે સાથે મૂળભૂત સ્વચ્છતા માટે પણ કેવી રીતે જાગૃત કરી શકાય તે પ્રયોગોથી સમજાવ્યું.





## દાદાએ સ્વચ્છતાનો વિચાર વહેતો કર્યો

આ અદભુત આયોજનને માણવા વિશ્વભરમાંથી અનેક તત્વચિંતકો પણ આવ્યા હતા. આ ભવ્ય કાર્યક્રમની તૈયારી માટે કૃતિશીલ એન્જિનિયર ભાઈઓએ પોતાની કર્મકુશળતા ભગવદ્ કાર્યમાં ધરી. મહિનાઓની રજા લઈને આ ટીમો એ ત્યાં જરૂરી વ્યવસ્થા અને તૈયારીઓ કરી. તેના એક વર્ષ પછી આ જ એન્જિનિયર ભાઈઓ પરમ પૂજ્ય દાદાજીને મળ્યા અને તેમની કર્મકુશળતા નિયમિત રીતે પ્રભુ કાર્યમાં ધરવા માટે પોતાની ઈચ્છા વ્યક્ત કરી. દાદાજીના મનમાં છેવાડાના વ્યક્તિ માટે અતિશય પ્રેમ અને આત્મીયતાના કારણે કાળજીના ભાગરૂપે તેમની સામે ગામોના સ્વચ્છતાના પ્રશ્નોની વાત કરી. ગામોમાં રોજબરોજના વપરાશના પાણીના નિકાલની સમસ્યાને કારણે ગામની શેરીઓમાં પાણીના ભરાવને કેવી રીતે અટકાવી શકાય? જો આમ કરી શકાય તો મચ્છરજન્ય રોગોનો ઉપદ્રવ પણ અટકાવી શકાય. તે હેતુથી ‘દાદાજીએ’ ચોકડી, શોષખાડા, ટોયલેટ બ્લોક અને ખાળકુવાની સમજ આપી. દાદાજીની આ ઇચ્છાને આજ્ઞા સમજી કૃતિશીલ એન્જિનિયર ભાઈઓએ આ વાતને ઉત્સાહથી ઉપાડી લીધી. ત્યાંથી શરૂ કરીને અત્યાર સુધીમાં હજારો ગામોમાં ચોકડી અને શોષખાડા તથા ટોયલેટ બ્લોક અને ખાળકૂવા બન્યા. પરિણામ એ આવ્યું કે ભક્તિની એ બેઠક પર ગામોના ગામો સ્વચ્છ થયા.



## ખેડૂત, સાગરપુત્ર અને રત્ન કલાકારને આત્મા ગૌરવ અનુભવતા કર્યાં

મહત્વની વાત એ છે કે અહીં પરમ પૂજ્ય દાદાજીએ આપેલ પ્રયોગના પૂજારી બનીને ખેડૂત, સાગર પુત્ર, ડોક્ટર કે રત્નકલાકાર આત્મ-ગૌરવ અને પર-સન્માનની લાગણી અનુભવતો હોય છે. ગીતાના ૧૮મા અધ્યાયના ૪૬મા શ્લોકમાં દાદાજીએ સમજાવ્યું કે . તારી કર્મકુશળતા તુ મને ધરીશ તો તુ મારો ભક્ત છે. આ ભાઈઓ ‘દાદાજીએ’ ઊભા કરેલ ભગવદ્ કાર્યમાં સાધન બનવા મળ્યું તે માટે પરમ પૂજ્ય દાદાજી માટે કૃતજ્ઞતા અનુભવે છે અને તેમના પ્રત્યેના ભાવથી ભીના થઈ પ્રભુ કાર્યમાં વધુને વધુ કૃતિ કરવા પ્રેરાય છે.

**દીદીએ દાદાના વિચારોને આગળ ધપાવ્યો ।** વર્ષ ૨૦૦૪-૨૦૦૫માં બન્યું. પૂજનીય દીદી પણ એજ પદ્ધતિથી દાદાના વૈશ્વિક સ્વાધ્યાય પરિવારની કાળજી અને ચિંતા કરતાં રહેલા છે. વર્ષ ૨૦૦૪-૨૦૦૫માં વનવાસી વિસ્તારના અંતરિયાળ ગામોમાં રહેતા દાદાજીના અતિ પ્રિય એવા વનવાસી ભાઈ બહનો માટે શું કરી શકાય તેની ચિંતા કરી પૂજનીય દીદીજીએ ૩ દિવસનો “આરોગ્ય સંયુજ”નો પ્રયોગ આપ્યો. તે પ્રયોગ અંતર્ગત સ્વાધ્યાય પરિવારના ૨૦૦૦થી પણ વધુ કૃતિશીલ ડોક્ટર્સ લગભગ ૪૫૦ વનવાસી ગામોમાં ૩ દિવસ રહ્યા. જ્યાં તેમણે એ વનવાસી ગામોમાં કોમન મેડિકલ પ્રોબ્લેમ્સ, હેલ્થી હેબિટ્સ વગેરે જેવી સ્વાસ્થ્યને લગતી બાબતોનું



પૂજારી બની નિરીક્ષણ કર્યું. આ પ્રયોગમાં ભારત ઉપરાંત અમેરિકા, યૂકે વગેરે જેવા દેશો માંથી પણ કૃતિશીલ ડોક્ટર્સ આવ્યા. તેઓએ નિરક્ષણ કર્યું કે લોકોમાં પેટના રોગો વધારે છે અને તેનું કારણ ખુલ્લામાં શૌચ (Open Air Defecation), નખ ન કાપવા, પાણી માટલામાં હાથ બોળીને પીવું વગેરે હતા. જેઓ શારીરિક રીતે ચાલવા માં સક્ષમ ન હતા તેઓને પણ તકલીફ વેઠવી પડતી હતી, તેના પરિપાક રૂપે મારો દૂરનો અંતરિયાળ વિસ્તારનો પરિવાર મૂળભૂત વાતોથી વંચિત કેમ રહી જાય? તેની ચિંતા અને કાળજીના ભાગ રૂપે દીદીજીએ નાની-નાની વાતોને સમજાવી જીવનમાં કેવી રીતે હેલ્થી હેબિટ્સ પાડી શકાય, નખ કાપી શકાય, ડોયાથી પાણી લઇ શકાય વગેરે સમજાવી પાણીનો ડોયો, નેઇલ કટર અને ટોયલેટ બ્લોક, વગેરેનો પ્રસાદ આપ્યો. ભગવાન સ્વયં પ્રસાદ આપે છે તે ભાવનાથી જીવનમાં પ્રસન્નતા આવે છે.



## પતિના દીર્ઘાયુ માટે સવારથી જ સૌભાગ્યવતી સ્ત્રીઓ રાખે છે કરવાચોથે નિર્જળા ઉપવાસ વ્રત

### શહેરના શિયાબાગ કુંભારવાડામાં વર્ષોથી બને છે....

# અવનવા કરવા તથા પૂજાપાની થાળીઓ

શહેરના કરવા ચોથ એ સૌભાગ્યવતી સ્ત્રીઓ માટે બહુ વિશેષ દિવસ હોય છે. કરવા ચોથનું શાસ્ત્રોમાં વિશેષ મહત્વ છે. કરવા ચોથ આસો વદ ચોથ તિથિ પર ઉજવવામાં આવે છે. કરવા ચોથ પર્વે સૌભાગ્યવતી સ્ત્રીઓ (પરિણીત મહિલાઓ)પોતાના પતિના લાંબા આયુષ્ય માટે વ્રત રાખે છે. ઉપરાંત કુંવારી યુવતીઓ સારા વરની ઈચ્છા માટે પણ કરવા ચોથનું વ્રત કરે છે.

કડવા ચોથ વ્રત બહુ કઠિન હોય છે. કરવા ચોથના વ્રતમાં સૌભાગ્યવતી સ્ત્રીઓ તથા વ્રત કરનારી કુંવારી યુવતીઓ આખો દિવસ પાણી પીધા વગર નિર્જલા ઉપવાસ કરે છે. સાંજે ચંદ્રની પૂજા કર્યા બાદ પતિનું મુખ જોઈ તથા કુંવારી યુવતીઓ ચંદ્રમાને નિહાળી મનમાં સારા ઘર અને વરની





કામના કરે છે પૂજા કરે છે અને ત્યારબાદ પારણાં કરે છે. તેમજ આ દિવસે દેવી પાર્વતી, ભગવાન શિવ અને ગણેશની પૂજા કરવાનું પણ વિશેષ મહાત્મ્ય છે. આ વર્ષે કરવા ચોથ 19 ઓક્ટોબરે ઉજવવામાં આવશે. કરવા ચોથ વ્રત આસો વદ ચોથ તિથિ પર રાખવામાં આવે છે. પંચાગ મુજબ આસો વદ ચોથ તિથિ 19 ઓક્ટોબર 2024ના રોજ સાંજે 06:17 વાગ્યે શરૂ થાય છે અને 20 ઓક્ટોબરના રોજ બપોરે 03.47 વાગ્યે સમાપ્ત થશે. આવી સ્થિતિમાં 19 ઓક્ટોબરને રવિવારે કરવા ચોથનું વ્રત કરવામાં આવશે. કરવા ચોથ પૂજા મુહૂર્ત - સાંજે 05:48 થી 07:03 વાગેકરવા ચોથનો વ્રતનો સમય - સવારે 06:35 થી 07:21કરવા ચોથ ચંદ્રોદય સમય - સાંજે 07:21 વાગે (શહેર મુજબ સમયમાં ફેરફાર થઇ શકે છે. શાસ્ત્રો અનુસાર માતા પાર્વતીએ ભગવાન શિવને પતિ સ્વરૂપે મેળવવા માટે કરવા ચોથનો ઉપવાસ રાખ્યો હતો.

આ વ્રત બાદ જ તેમના લગ્ન શિવ સાથે થયા હતા. ત્યારથી કરવા ચોથનું વ્રત શરૂ થયું. આ વ્રત લગ્ન જીવનમાં અપાર સુખ લાવે છે. એવું માનવામાં આવે છે કે જે પરિણીત સ્ત્રી આ દિવસે અન્ન અને પાણી ત્યાગ કરી વ્રત રાખે છે, તેમના પતિને લાંબુ આયુષ્ય મળે છે અને ક્યારેય કોઈ હાનિ થતી નથી. વળી, કુંવારી છોકરીઓ મનપસંદ વરની ઈચ્છા સાથે આ વ્રત રાખે છે. ઓમ એકદંતાય નમઃ:ઓમ ગૌર્યૈ નમઃ,ઓમ ચતુર્થી દેવ્યૈ નમઃઓમ નમઃ શિવાય આ વ્રત કરનાર સૌભાગ્યવતી સ્ત્રીઓ કે કન્યાઓએ મંત્ર પૂજા કરવી જોઈએ. શહેરમાં સામાન્ય રીતે ઉત્તર ભારતના ઉતર પ્રદેશ, રાજસ્થાન, બિહાર સહિત મધ્ય પ્રદેશ અને હવે તો ગુજરાતમાં પણ સૌભાગ્યવતી સ્ત્રીઓ હવે મોટી સંખ્યામાં કડવાચોથ વ્રત કરે છેતેમાંય વડોદરા શહેરમાં સૌભાગ્યવતી સ્ત્રીઓ આ વ્રત કરે છે ત્યારે શહેરના શિયઃબાગ કુંભારવાડા વિસ્તારમાં રાકેશભાઈ પ્રજાપતિ તથા તેમના પરિવાર દ્વારા અવનવા કરવા એટલે કે માટીમાંથી તૈયાર કરેલા, સ્ટીલના ડિઝાઈન કરેલા તથા હવે ખાંડમાંથી પણ કરવા તૈયાર કરવામાં આવે છે આ તમામ તથા વસ્તુઓ ડિઝાઈન રાકેશભાઈ તથા તેમના પરિવાર દ્વારા વર્ષોથી તૈયાર કરવામાં આવે છે અને ડિઝાઈન પણ તૈયાર કરાય છે જેમાં મહિલાઓને રોજગાર આપી પગભર બનાવી રહ્યાં છે.





**કંબોડિયામાં યોજાઇ એશિયન કિકબોક્સિંગ ચેમ્પિયનશિપ**

# કિક બોક્સિંગમાં વડોદરાના એથ્લીટ્સ ઝળક્યાં

ભારત અને વડોદરા માટે ગર્વની ક્ષણ તરીકે, શહેરના ચાર કિકબોક્સરોએ 6 થી 13 ઓક્ટોબર 2024 દરમિયાન કંબોડિયાના ફ્નોમ પેન્હમાં આયોજિત પ્રતિષ્ઠિત એશિયન કિકબોક્સિંગ ચેમ્પિયનશિપ 2024માં મેડલ જીત્યા હતા. સમગ્ર એશિયાના 23 દેશોના 500 થી વધુ ખેલાડીઓ સામે સ્પર્ધા કરીને, 46 ખેલાડીઓની ભારતીય ટુકડીએ વિવિધ ઈવેન્ટ્સ અને કેટેગરીમાં 6 ગોલ્ડ, 17 સિલ્વર અને 16 બ્રોન્ઝ મેડલ સહિત 39 મેડલનો પ્રભાવશાળી તાલ મેળવ્યો હતો. વડોદરાના ખેલાડીઓએ 1 સિલ્વર અને 4 બ્રોન્ઝ સહિત કુલ 5 મેડલ જીત્યા હતા. ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારાઓમાં દિનકલ ગોરખાનો સમાવેશ થાય છે, જેમણે જમ્પસ્ટાર્ટ સ્કિલ ફાઉન્ડેશન દ્વારા સમર્થિત LC-60Kgમાં 1 બ્રોન્ઝ અને KL-60Kgમાં 1 સિલ્વર મેળવ્યો હતો.

ડિંકલે અગાઉ ઉઝબેકિસ્તાન વર્લ્ડ કપ 2024માં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું, જ્યાં તેણે પાછલા મહિને સિલ્વર મેડલ જીત્યો હતો. ઈશિતા ગાંધી, જેણે KL -70Kg માં બ્રોન્ઝ મેળવ્યો હતો, તેને DiAn ગ્રુપ દ્વારા ટેકો મળ્યો હતો. ડિંકલની જેમ, ઈશિતાએ પણ પાછલા મહિનામાં ઉઝબેકિસ્તાન વર્લ્ડ કપ 2024માં સિલ્વર મેડલ જીત્યો હતો.

આકાશ ચવ્હાણ, જેમણે PF-79Kg માં બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. બ્રેવેન દ્વારા સમર્થિત, આ તેની સફળતાની પરંપરાને ચાલુ રાખીને એશિયન કિકબોક્સિંગ ચેમ્પિયનશિપમાં તેનો બીજો દેખાવ દર્શાવે છે અને ઓમકાર ભાલેઘરે, તેની પ્રથમ આંતરરાષ્ટ્રીય ચેમ્પિયનશિપમાં, પીએફ -69 કિગ્રામાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ગ્રેટર ધેન ઓડ્સ દ્વારા સમર્થિત, ઓમકારની નિશ્ચય અને સખત મહેનત આ નોંધપાત્ર સિદ્ધિ સાથે પહેલેથી જ ફળ આપી ચૂકી છે. ખેલાડીઓને ભારતીય કિકબોક્સિંગ ટીમના રાષ્ટ્રીય કોચ સિદ્ધાર્થ ભાલેઘરે દ્વારા કોચ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું, જેમનું નેતૃત્વ તેમની સફળતામાં મહત્ત્વપૂર્ણ રહ્યું છે.